# શૈક્ષણિક નેતૃત્ત્વનો આધાર : સત્તા અને સામર્થ્ય

કોઇ પણ સંસ્થાના વિકાસ માટે અને સંસ્થાએ નક્કી કરેલાં લક્ષ્યાંક સિદ્ધ કરવા માટે નેતૃત્ત્વ ગત્યનો ભાગ ભજવે છે. નબળું નેતૃત્ત્વ સંસ્થાને ધાર્યા લક્ષ્યાંક સુધી ક્યારેય પહોંચાડી શકતું નથી. શૈક્ષણિક નેતૃત્ત્વ ત્રણ વ્યકિત પાસે જોવા મળે છે- સંચાલક કે ટ્રસ્ટી, આચાર્ય અને શિક્ષક. આચાર્યએ શાળાનું નેતૃત્ત્વ કરવાનું છે તો શિક્ષકે વર્ગખંડનું નેતૃત્ત્વ કરવાનું છે. આચાર્ય અને શિક્ષકના નેતૃત્ત્વની અસર ખૂબ જ ઝડપથી થાય છે અને તેનાં પરિણામો તાત્કાલિક જોવા મળે છે.

સારાં પરિણામ મેળવવા માટે સારું નેતૃત્ત્વ જરૂરી છે, તો સારા નેતૃત્ત્વ માટે સત્તા અને સામર્થ્ય પણ એટલાં જ જરૂરી છે. કોઇ વ્યકિતની પસંદગી આચાર્ય તરીકે થાય એટલે તરત જ તેને આચાર્યની સત્તા હોદ્દાની રૂએ આપોઆપ મળી જાય છે. નેતૃત્ત્વ કરવા સત્તા એ પ્રથમ પગથિયું ગણી શકાય. સત્તા હશે તો જ વ્યકિત ચોક્કસ વિચારધારાને અમલિત કરવા નિયમો બનાવી શકશે અને પાલન પણ કરાવી શકશે. આમ છતાં જો તેની પાસે હોદ્દાને શોભાવી શકે કે સત્તાનો ઉપયોગ કરી શકાય તેટલું સામર્થ્ય નહીં હોય તો તે સત્તાનો યોગ્ય ઉપયોગ નહીં કરી શકે. એટલું જ નહીં તેના હાથ નીચેના માણસો સામર્થ્ય વગરના નેતાના હુકમને મનથી નહીં જ સ્વીકારે. હા....કદાચ એવું બને કે સત્તાના જોરે કોઇ બાબતનો અમલ કરાવવાનો પ્રયત્ન થાય તો પણ તેનાં જોઇએ એટલાં સારાં પરિણામો નહીં જ મળે. કોઇ આચાર્ય માત્ર સત્તાના જોરે ક્યારેય સમસ્થાનો વિકાસ નહીં કરી શકે. તેનાથી ઉલ્ટું કેટલાંક સામર્થ્ય ધરાવતા શિક્ષકો દરેક શાળામાં હોય જ છે. તેઓ પોતાના વ્યૂહ અને વિચારસરણી, જ્ઞાન અને આવડતને કારણે સંસ્થાના માનવગણમાં આદરણીય પણ બની ગયા હોય છે. તેઓ વાલી અને વિદ્યાર્થી બંને માટે પ્રીતિપાત્ર પણ હોય છે. આમ છતાં તે શિક્ષક પણ સંસ્થાના વિકાસ માટે જોઇએ તેટલું પ્રદાન કરી શકતો નથી. કારણ કે તેની પાસે સામર્થ્ય છે પણ સત્તા નથી. ઘણીવાર તે પોતાના વિચારો સ્ટાફ સમક્ષ મૂકે ત્યારે તેનો સ્વીકાર ન થાય તો તે કશું જ કહી કે કરી શકતો નથી. ઘણીવાર તો આવા સામર્થ્ય ધરાવતા શિક્ષકોને આચાર્ય દૂર જ રાખે છે. કારણ કે જો તેમને નજીક લાવવા દેવામાં આવે તો માત્ર સત્તાને કારણે બની બેઠેલા આચાર્યનું ગૌરવ કોઇ સ્વીકરશે નહીં તેવો તેને સતત ભય રહ્યાં કરતો હોય છે.

વગરંખડનો રાજા કે નેતા ગણાતા શિક્ષક પાસે વર્ગમાં શું કરાવવું ? ક્યારે કરાવવું? કેટલું કરાવવું? વગેરે બાબતની સત્તા છે જ. આ સત્તાને કારણે જ તે વર્ગમાં હુકમ પણ છોડી શકે છે. આમ છતાં નામાં જો પોતાના વિષયના જ્ઞાનનું અને તેને પિરસવા માટેનું સામર્થ્ય નહીં હોય તો વિદ્યાર્થીઓ ક્યારેય પણ તેને સ્વીકારશે નહીં. તે દેખાવ પૂરતો જ રાજા થઇને ફરતો હશે. પરંતુ પોતાના વર્ગ કે વિષય માટેના લક્ષ્યાંકો તે ક્યારેય સિદ્ધ નહીં કરી શકે.

ગુણવત્તા યુક્ત સંસ્થા સામર્થ્ય ધરાવતી વ્યકિતને જ સત્તા સોંપતી હોય છે. આમછતાં બધી શાળા- કોલેજોમાં આવું જોવા નથી પણ બનતું. જેના પરિણામો જે તે સંસ્થાએ, શિક્ષકોએ અને વિદ્યાર્થીઓએ ભોગવવા જ પડે છે. સત્તા અને સામર્થ્ય બંને ભેગા થાય તો સોનામાં

સુગંધ ભળ્યાં જેવું બને. સામર્થ્ય વિનાની સત્તા પાંગળી છે, તેવી જ રીતે સત્તા વિનાનું સામર્થ્ય પણ પાંગળું જ પૂરવાર થાય છે. સત્તા અને સામર્થ્યનો યોગગણ જેટલો વધુ વિસ્તૃત તેટલું નેતૃત્ત્વ વધુ સ્વીકાર્ય બનીને ખીલશે. જે આકૃતિમાં દર્શાવેલ છે.

સત્તા અને સામર્થ્યને ઘણાં લોકો એક જ વિભાવનાની દૃષ્ટિએ જૂએ છે. હકીકતમાં વ્યવસ્થાપનશાસ્ત્રમાં આ બંને શબ્દોના અર્થ જુદા જુદા આપેલાં છે."સત્તા" અધિકૃત હોદ્દામાંથી પ્રગટે છે અને "સામર્થ્ય" અન્ય વ્યકિતઓ પર પ્રભાવ પાડવાના ગુણોમાંથીપ્રગટે છે. હોદ્દાગત નેતાઓ સત્તાનો ઉપયોગ કરી શકે છે, જ્યારે પસંદગીપ્રાપ્ત નેતાઓ સામર્થ્ય આધારિત હોય છે. આવા નેતા પાસે જો સત્તા પણ હોય તો સંસ્થાનો વિકાસ પૂરજોશમાં થાય છે. પણ શૈક્ષણિક સંસ્થાઓમાં મોટાભાગે એવું જોવા મળે છે કે આવા વ્યકિતઓ સામર્થ્યમાં ઊંચા હોવા છતાં સત્તા અંગે નિમ્ન હોય છે. પરિણામે તેમને અધિકૃત હોદ્દા કરતાં પોતાના વ્યકિતગત પ્રભાવ પર વધુ આધાર રાખવો પડે છે. તેઓએ અધિકૃત નિયમો કે પ્રવિધિનો ઉપયોગ કર્યા વગર તેમના અનુયાયીઓ પાસે કામ કરાવવું પડે છે. પરંતુ સત્તા નહીં હોવાને કારણે જોઈતું પરિણામ મળતું નથી. કેટલાંક આચાર્ય સત્તાની બાબતમાં ઊંચા હોય છે પણ સામર્થ્યની બાબતમાં નિમ્ન હોય છે.જેમાંથી સંસ્થામાં સરમુખત્યારવૃત્તિ આવી જાય છે. કેટલીક શાળા આચાર્ય વિહીન પણ જોવા મળે છે. જ્યાં કોઈ વ્યકિત સત્તા વગર પણ સંચાલન કરવાનો પ્રયત્ન કરતી હોય છે. આવી વ્યકિત પાસે જો સામર્થ્ય પણ ન હોય તો સંસ્થા ખાડે જાય છે. અથવા તો જેવું ચાલે છે તેવું જ ચલાવવાની વૃત્તિ પેદા થાય છે. જેમાં ઘટનાઓને આપમેળે બનવા પર છોડી દેવામાં આવે છે. સંસ્થાના વિકાસ માટેનું ચોક્કસ અને સર્વને સ્વીકાર્ય આયોજન હોતું નથી.

સંસ્થા માટે જરૂરી છે એવો નેતા કે જે સત્તા અને સામર્થ્ય બંનમાં ઊંચો હોય. તેઓમાં સત્તા અને સામર્થ્યના જોરે સંસ્થાનો વિકાસ કરવાની વિશિષ્ટતાઓનો ભંડાર હોય છે. આકૃતિમાં દર્શાવેલ નેતૃત્વનો વિસ્તાર જેટલો વિસ્તૃત તેટલું નેતૃત્વ વધુ પ્રેરણાદાયી, સ્વીકાર્ય અને અસરકારક ગણી શકાય. સંસ્થાનો વિકાસ આ વિસ્તારની વિસ્તૃતતા પર રહેલો છે.